IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ NPE 2020 અને શિક્ષક

પ્રા. ડૉ. અરૂણાબેન બાબુભાઇ સંઘાણી
શ્રીરંગશિક્ષણ મહાવિદ્યાલય,બીલીમોરા.

**સારાંશ**

શિક્ષકો વાસ્તવમાં બાળકોના ભવિષ્યને ઘડે છે. અને તેથી તેઓ રાષ્ટ્રનું નિર્માણ પણ કરે છે. શિક્ષકોના ઉમદા યોગદાનના કારણે જ ભારતીય સમાજમાં સૌથી વિશેષ સન્માનિત સભ્ય હતા. અને માત્ર સૌથી શ્રેષ્ઠ અને વિદ્વાનો જ શિક્ષક બનતા હતા. વિદ્યાર્થીઓને નિર્ધારિત જ્ઞાન કૌશલ્ય અને નૈતિક મૂલ્યો પ્રદાન કરવા માટે સમાજ શિક્ષક ગુરુઓને તેમની જરૂરિયાતોની તમામ ચીજો આપતા હતા. શિક્ષક પ્રશિક્ષણની ગુણવત્તા ભરતી નિયુક્તિ સેવાની શરતો શિક્ષક સશક્તિકરણ શિક્ષકોના અધિકારોની સ્થિતિ જેવી હોવી જોઇએ એવી નથી. અને તેના પરિણામ શિક્ષકોની ગુણવત્તા અને પ્રોત્સાહન ઇચ્છિત સ્તરેથી પહોંચ્યા. જેને લીધે ઉત્સાહવર્ધક પરિણામો પ્રાપ્ત નથી થતાં. આથી શિક્ષકો માટે ઉચ્ચ દરજ્જો અને શિક્ષણના વ્યવસાય પ્રત્યેના આદર અને સન્માનના ભાવને પુનઃસ્થાપિત કરવા પડશે. આપણાં બાળકો અને રાષ્ટ્રના શ્રેષ્ઠ ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણના વ્યવસાયમાં આવવા માટેનું પ્રોત્સાહન આપી સશક્તિકરણ થવું જરૂરી છે. તે માટે શિક્ષકની ભરતી અને પદ નિયુક્તિઓનો માટે શ્રેષ્ઠ આયોજન કરવામાં આવશે. તેમાં શિક્ષકની સેવાકાળ દરમિયાનકાર્ય સંસ્કૃતિ અને પર્યાવરણ પૂરું પાડવામાં આવશે. અને શિક્ષકના સતત વ્યવસાય વિકાસની તકો પૂરી પાડવામાં આવશે. તેમજ કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિની તકો આપવામાં આવશે. અને વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે શિક્ષકો પૂરા પાડવામાં આવશે. અને શિક્ષક પ્રશિક્ષણનો અભિગમ પૂરો પાડવામાં આવશે.

- **પ્રસ્તાવના**

ભારતની સ્વતંત્રતા મળી તે પહેલા અને ત્યાર પછી શિક્ષણને સુદ્રઢ પાયા પર મૂકવા માટેના અને શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા માટેના સંનિષ્ઠ પ્રયાસો રૂપે ઘણા શિક્ષણપંચોની નિમણૂક કરવામાં આવી હતી. પ્રત્યેક પંચે તેમના મંતવ્ય અને ફિલસુફી પ્રમાણે ભારતની શિક્ષણનીતિની નવો ઓપ આપવાના પ્રયત્નો કર્યા. છેલ્લે 1986 માં તાત્કાલીન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના પ્રયત્નોથી ભારતને ઝડપી પ્રગતિના પંથે લઇ જવા માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 ઘડવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. વર્ષ 2016 માં ઇસરો, બેંગલુરુના ભૂતપૂર્વ અધ્યક્ષ કે કસ્તુરી રંગનના અધ્યક્ષપણ હેઠળ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ દ્વારા નવી શિક્ષણનીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ ડ્રાફ્ટ પર દેશના લોકો કેળવણીકારો વાલીઓ અને શિક્ષક નિષ્ણાંતો પાસેથી સૂચનો મેળવવામાં આવ્યા હતા. આ સૂચનો ઉપર સમિતિ દ્વારા વિચાર વિમર્શ કરી ડ્રાફ્ટમાં સુધારા કરી દેશની કેન્દ્રીય કેબિનેટને આ ડ્રાફ્ટ સુપરત કરવામાં આવ્યો હતો અને અંતે કેન્દ્રીય કેબિનેટ વર્ષ 2020 માં તેને મંજૂરી આપી દેશને નવી શિક્ષણનીતિ 2020 પ્રાપ્ત થઇ છે.

- **સંશોધન ની પદ્ધતિ**

આ સંશોધન પત્રમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ના વિચારો રજૂ કરવા માટે સંશોધકે વિષયવસ્તુ વિશ્લેષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંગેના જુદા જુદા સામાયિકો ન્યૂઝપેપરોના લેખ અને વેબસાઇટનો અભ્યાસ કરી વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

- **રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 શિક્ષકના ઉદ્દેશ્ય**

1. શિક્ષકની ભરતી અને પદનિયુક્તિનું આયોજન કરવું.
2. શિક્ષકની સેવાકાળ દરમિયાન કાર્ય સંસ્કૃતિ અને પર્યાવરણ પૂરું પાડવું.
3. શિક્ષકના સતત વ્યવસાયિક વિકાસની તક આપવી.
4. કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિની તકો આપવી.
5. વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટે શિક્ષકો પૂરા પાડવા.
6. શિક્ષણ પ્રશિક્ષણ નો અભિગમ પૂરો પાડવો.

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 લાક્ષણિકતાઓ**

**1. શિક્ષણનું માળખું**

- **ફાઉન્ડેશન તબક્કો-( 3 થી 8 વર્ષ )**

**આંગણવાડી +પ્રી સ્કૂલ+ ધોરણ1અને2**

- **પ્રીપેટરી તબક્કો – ( 8 થી 11** વર્ષ)

**ધોરણ (3થી 5)**

- **પ્રાયમરી તબક્કો – ( 11 થી 14 વર્ષ)**

**ધોરણ (6 થી 8)**

- **સેકન્ડરી તબક્કો – (14 થી 18 વર્ષ)**

**ધોરણ (9 થી12)**

**2. શિક્ષણનુ માધ્યમ**

નવી શિક્ષણનીતિમાં ધોરણ પાંચ સુધી માતૃભાષાના માધ્યમથી અભ્યાસ કરાવવામાં આવશે. જેનો શાળાઓ ધોરણ આઠ સુધી અમલ કરી શકશે.પ્રીપેટરી સ્કૂલ લેવલ થી સંસ્કૃત વિષય શીખવવામાં આવશે અને સેકન્ડરી સ્કુલ લેવલથી વિદ્યાર્થીઓને વિદેશી ભાષાનો અભ્યાસ કરાવવામાં આવશે.

**3. શાળા શિક્ષણ**

શાળા શિક્ષણમાં સેકન્ડરી તબક્કે ધોરણ 11 અને 12 માં શિક્ષણના જુદા જુદા પ્રવાહો જેવા કે આર્ટસ કોમર્સ અને સાયન્સની સાથે સાથે મલ્ટી ઓપ્શનની સુવિધા મળશે એટલે કે સાયન્સના વિષયો સાથે કોમર્સ કે આર્ટસ મનગમતા વિષયનો અભ્યાસ કરી શકશે. તેવી જ રીતે કોમર્સના વિષય સાથે આર્ટસ અને સાયન્સના મનગમતા વિશે લઈ અભ્યાસ કરી શકશે.

**4. ઉચ્ચ શિક્ષણ**

ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને બહુ પ્રવેશ બહુ નિકાસની સુવિધા આપવામાં આવશે. સ્નાતક સ્તરમાં એક વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને વોકેશનલ પ્રોફેશનલ સર્ટિફિકેટ આપવામાં આવશે. બે વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરનારને ડિપ્લોમા સર્ટિફિકેટ આપવામાં આવશે. દેશમાં હાયરે એજ્યુકેશન કમિશનર ઓફ ઇન્ડિયાની સ્થાપના કરવામાં આવશે. જેમાં દેશની મેડિકલ સિવાયની તમામ સંસ્થાઓને એક જ નિયમનકારી સંસ્થાની નીચે સમાવી લઈ તેનું નિયમન કરવામાં આવશે.

**5. શિક્ષણ પ્રશિક્ષણ**

શિક્ષક બનવા માટે ચાર વર્ષનો એકીકૃત બેચલર ઓફ એજ્યુકેશન પ્રોગ્રામ સ્નાતક સ્તરની સાથે ચાલુ કરવામાં આવશે. જેમાં વિષય વસ્તુની સાથે અધ્યયન અધ્યાપન કૌશલ્ય પણ શીખવવામાં આવશે. શાળામાં શિક્ષકોની ભરતીમાં શૈક્ષણિક લાયકાત ઇન્ટરવ્યૂ અને શિક્ષણ પ્રદર્શન દ્વારા ભરતી કરવામાં આવશે.

**6. રાષ્ટ્રીય સંશોધન સંસ્થા**

દેશમાં શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન ક્ષમતા વિકસાવવા અને સંશોધકો, સરકાર અને ઉદ્યોગો વચ્ચે લાભદાયક જોડાણો સુનિશ્ચિત કરવા માટે આ સંસ્થા દ્વારા દેશમાં સંશોધન અને નવીનીકરણમાં ખૂબ જ ઝડપી પરિવર્તન આવશે.

## 7. વ્યવસાયિક શિક્ષણ

**નવી શિક્ષણનીતિમાં મિડલ અને સેકન્ડરી લેવલ તબક્કામાં વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને પોતાના રસ અને રૂચિ અનુસાર જુદા જુદા કુંભારીકામ, સુથારીકામ, બાગાયત, સોફ્ટવેર ડેવલપમેન્ટ, વ્યવસાયો જેવા કે કૃષિ શિક્ષણ, આર્ટડિઝાઇનગ્લાસ ડિઝાઇનવર્ક વગેરે જેવા વ્યવસાય** ને લગતું શિક્ષણ ઇન્ટર્નશીપ કાર્યક્રમ દ્વારા શીખવવામાં આવશે.

- **તારણો**

1. **શિક્ષકની ભરતી અને પદ નિયુક્તિ માટે.......**

- ચાર વર્ષીય સંકલિત બીએડ બાદ ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણ કાર્ય કરવા માટે ઉત્કૃષ્ટ શિક્ષકોને પ્રોત્સાહન અને સ્થાનિક નિવાસની વ્યવસ્થા કરાશે.
- સરકારી અને ખાનગી શાળાઓના શિક્ષકો અભિયોગ્યતા કસોટી, અધ્યાપન કૌશલ્ય, મુલાકાત અને સ્થાનિક ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
- સ્થાનિક જ્ઞાન અને તજજ્ઞતાનો લાભ શાળા સંકુલના વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે પરંપરાગત સ્થાનિક કલાઓ,વ્યવસાયિક શિલ્પકલા, ઉદ્યોગ સાહસિકતા, કૃષિ અથવા પ્રતિષ્ઠિત નિષ્ણાંતોને 'ખાસ પ્રશિક્ષકો' રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આગામી બે દાયકામાં અપેક્ષિત વિષય દીઠ શિક્ષકોની ખાલી જગ્યાઓના આકલન માટે દરેક રાજ્ય દ્વારા તકનિકી આધારિત વ્યાપક શિક્ષક જરૂરિયાત અને ભાવી આયોજનની અનુમાન માટેની કામગીરી કરવામાં આવશે.

2. **શિક્ષકની સેવાકાર દરમિયાન કાર્ય સંસ્કૃતિ અને પર્યાવરણ માટે..........**

- શાળાઓના કાર્યનું પર્યાવરણ અને સંસ્કૃતિમાં ફેરફાર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોની અસરકારક રીતે કામગીરી કરવાની ક્ષમતામાં વધારો કરવાનો રહેશે.
- શિક્ષકોએ શાળામાં ભણાવવા અને શીખવવા માટે સુવિધાજનક સ્થિતિ અને પ્રેરક વાતાવરણ પૂરું પાડવાનું રહેશે.
- શાળા સંકુલો શિક્ષકોને વધુ પ્રોત્સાહન આપવા અને અસરકારક શીખવાનું વાતાવરણ ઊભું કરવામાં મદદ કરવા માટે સલાહકાર તાલીમબધ્ધ સામાજિક કાર્યકર્તાઓ તકનીકી અને મરમ્મત સ્ટાફ વગેરેનું આદાન-પ્રદાન કરવામાં આવશે.
- વાલીઓ અને મુખ્ય સ્થાનિક હિતધારકોના શાળા સંકુલ વ્યવસ્થાપન સમિતિઓના સભ્ય તરીકે વધુ પ્રમાણમાં જોડવામાં આવશે.
- શિક્ષકોને બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવામાં આવશે નહીં.
- આચાર્ય અને શિક્ષકો પોતાની શાળામાં અસરકારક પ્રણાલી દ્વારા સંવેદનશીલ અને સમાવેશી સંસ્કૃતિનું નિર્માણ કરશે.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શીખવામાં વધુ લાભદાયી થાય એવી શિક્ષણ પ્રક્રિયા અપનાવવા માટે શિક્ષકને સન્માનિત કરવામાં આવશે.

3. **શિક્ષકના સતત વ્યવસાયિક વિકાસની તક માટે...........**

- શિક્ષકોની સતત વ્યવસાયિક વિકાસની તકો ખાસ કરીને મૂળભૂત સાક્ષરતા અને અંકશાસ્ત્રનું નવીનતમ શિક્ષણશાસ્ત્ર, પરિણામોનું રચનાત્મક અને અનુકૂળ મૂલ્યાંકન, ક્ષમતા આધારિત શિક્ષણ અને સંબંધિત અધ્યાપન શાસ્ત્ર જેવા કે પ્રાયોગિક અનુભવ જન્ય શિક્ષણ, કલા સંકલિત રમત અને વાર્તા આધારિત દ્રષ્ટિકોણ વગેરે ક્રમબદ્ધ રીતે ઓછામાં ઓછા 50 કલાક ઓનલાઇન પ્લેટફોર્મની તકો વિકસાવવામાં આવશે.
- શાળાના આચાર્ય, પ્રમુખો માટે તેઓના નેતૃત્વ અને સંચાલન કૌશલ્યને સતત વિકસાવવા માટે મેનેજમેન્ટ વર્કશોપ અને ઓનલાઇન વિકાસની તકો અને પ્લેટફોર્મ તેમજ શિક્ષણ યોજના તૈયાર કરવા અને લાગુ પાડવામાં આવશે.

4. **કારકીદી વ્યવસ્થાપન અને પ્રગતિની તકો માટે...........**

- શિક્ષકના કાર્યકાળ પ્રમોશન અને પગાર માળખાનું મજબૂત ગુણવત્તા આધારિત માળખું વિકસાવવામાં આવશે. શિક્ષકોના પ્રદર્શનના સાચા મૂલ્યાંકન માટે રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો દ્વારા બહુવિધ માપદંડો પદ્ધતિ વિકસાવવામાં આવશે.
- સેવાની ગુણવત્તાના આધારે પ્રદર્શિત નેતૃત્વ અને વ્યવસ્થાપન કૌશલ્ય ધરાવતા ઉત્કૃષ્ટ શિક્ષકોને શાળાઓ, શાળા સંકુલો, બી.આર.સી, સી.આર.સી, બી.આઇ.ટી.ઇ, ડી.આઇ.ઈ.ટી તેમજ સંબંધિત સરકારી વિભાગોમાં શૈક્ષણિક નેતૃત્વ માટે તાલીમ આપવામાં આવશે.
- શિક્ષકો માટે વ્યવસાયિક ધોરણે NCTE દ્વારા NCERT, SCERT બધાં સ્તર અને ક્ષેત્રોના શિક્ષકો, શિક્ષકોની તૈયારી અને વિકાસ હેતુ સંસ્થાનો અને ઉચ્ચતર શિક્ષણ સંસ્થાનો સાથે વાતચીતથી સામાન્ય ધોરણો પરિષદ (GEC) હેઠળના તેના પુનઃગઠન નવા સ્વરૂપમાં નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડસ ફોર ટીચર્સ (NPST)નો એક સામાન્ય માર્ગદર્શક સમૂહ વર્ષ 2022 સુધીમાં વિકસાવવામાં આવશે. જેમાં બઢતી અને પગાર વધારો કાર્યકાળ કે વરિષ્ઠતાના આધારે નહીં થાય.પરંતુ આવા મૂલ્યાંકનના આધારે જ થશે. વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા કરવામાં આવશે અને વર્ષ 2030માં રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા અને સંશોધન દર 10 વર્ષોમાં વ્યવસ્થાની ગુણવત્તાનું ઘનિષ્ઠ અનુભવ આધારિત વિશ્લેષણ અને આવશ્યક સુધારો કરવામાં આવશે.

5. **વિશેષ જરૂરિયાત વાળા બાળકો માટે શિક્ષકો...............**

- પ્રાથમિક અને માધ્યમિક શાળા સ્તરે વિકલાંગ/ દિવ્યાંગ બાળકો માટે પૂર્ણ સમય અભ્યાસક્રમો તરીકે શિક્ષકને પ્રમાણપત્ર મહાવિદ્યાલયો કે વિશ્વવિદ્યાલયોમાં ઉપલબ્ધ કરવામા આવશે.
- યોગ્ય વિશેષ શિક્ષકો પણ જે આ વિષય શિક્ષણનેસંભાળી શકતા હોય તેની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે એન.સી.ટી.ઈ અને આર.સી.આઈ ના પાઠ્યક્રમ વચ્ચે વધુમાં વધુ તાલમેલ સાધવામાં આવશે.

6. **શિક્ષક પ્રશિક્ષણનો અભિગમ માટે.............**

- વર્ષ 2030 સુધીમાં શિક્ષણ માટે લઘુત્તમ પદવી લાયકાત ચાર વર્ષની સંકલિત પદવી હશે. જેમાં વિસ્તૃત જ્ઞાનની સામગ્રી અને શિક્ષણની શ્રેણીથી શીખવવામાં આવશે. અને સ્થાનિક શાળાઓમાં વિદ્યાર્થી શિક્ષણના સ્વરૂપમાં મજબૂત વ્યવસાયિક તાલીમનો સમાવેશ થાય છે. તેમાં બી.એડ્ ના બે વર્ષના કાર્યક્રમો પણ ઓફર કરશે. જે માત્ર અન્ય વિશિષ્ટ વિષયોમાં સ્નાતક પદવી મેળવનાર લોકો માટે જ રહેશે. આ બી.એડ્ કાર્યક્રમ એક વર્ષના બી.એડ્ કાર્યક્રમો તરીકે પણ અનુકૂળ રીતે અપનાવી શકાશે. આવી તમામ બી.એડ્ ની ડિગ્રીઓ માન્યતા પ્રાપ્ત બહુ શાખાકીય ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ દ્વારા જ આપવામાં આવશે.
- બી.એડ્ ના તમામ કાર્યક્રમોમાં શિક્ષણશાસ્ત્રની સમય અને તકનીકોની સાથો સાથ તાજેતરની પદ્ધતિઓનો કસોટી કરીને સમાવેશ કરવામાં આવશે. જેમાં પાયાની સાક્ષરતા અને અંકશાસ્ત્ર, બહુસ્તરીય શિક્ષણ અને મૂલ્યાંકન, વિકલાંગતા ધરાવતા બાળકોને શિક્ષણ, વિશેષ રસ અને ક્ષમતા ધરાવતા બાળકોને શિક્ષણ, શૈક્ષણિક તકનીકીનો ઉપયોગ અને વિદ્યાર્થી કેન્દ્રિત અને સહયોગાત્મક શિક્ષણનો સમાવેશ કરવામાં આવશે તેમજ મૂળભૂત ફરજો અને બંધારણીય જોગવાઈઓના પાલન કરવા પર ભાર આપવામાં આવશે.
- ખાસ ટૂંકા ગાળાના સ્થાનિક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો BITE, DIET અથવા શાળા સંકુલમાં પણ ઉપલબ્ધ થશે. જેનાથી સ્થાનિક વ્યવસાયો, જ્ઞાન અને કૌશલ્યો જેવા કે સ્થાનિક કલા, સંગીત, કૃષિ વ્યવસાય, રમત, સુથારીકામ અને અન્ય વ્યાવસાયિક કલાઓને પ્રોત્સાહન આપવાના હેતુસર નામના પાત્ર સ્થાનિક વ્યક્તિઓને શાળાઓ 'મુખ્યપ્રશિક્ષક' સ્વરૂપે ભણાવવા માટે નિયુક્ત કરવામાં આવશે.
- બહુ વિદ્યાશાખાકીય મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં બી.એડ્ પછીના ટૂંકા ગાળાના 'પ્રમાણપત્ર અભ્યાસક્રમો' જે શિક્ષણના વિશિષ્ટ ક્ષેત્રોમાં આગળ વધવા ઈચ્છતા હોય તેમજ નેતૃત્વ વ્યવસ્થાપકનના પદ માટે ઉપલબ્ધ કરવામાં આવશે.
- NCERT દ્વારા વિભિન્ન વિષયોની શિક્ષણ વિધિઓનું અધ્યયન, સંશોધન, લેખન અને એકીકરણ કરી શું શીખીને તેને ભારતમાં વ્યવહારમાં ઉપયોગમાં લેવાતી વિધિઓમાં સામેલ કરી શકાય. તેની વિચારણા કરશે.

- વર્ષ 2021 માં NCTE દ્વારા NCERT સાથે પરામર્શ કરી નવી શિક્ષણ નીતિ 2020 ના સિદ્ધાંતોના આધાર પર એક નવી અને વિસ્તૃત શિક્ષણ પ્રશિક્ષણના હેતુસર રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા NCFTE માં તૈયાર કરવામાં આવશે. અને તમામ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરવામાં આવશે.
- શિક્ષણ પ્રશિક્ષણ વ્યવસ્થાપનની પ્રામાણિકતાને સંપૂર્ણપણે જાળવી રાખવા દેશમાં ચલાવવામાં આવતા સબસ્ટાન્ડર્ડ સ્ટેન્ડ અલોન ટીચર એજ્યુકેશન સંસ્થાઓ(TIE) સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં જરૂર પડયે તેમને બંધ કરવાનો પણ સમાવેશ કરવામાં આવશે.

▪ **સંદર્ભ:**

www.sandeshepaper.in

www.epaper.divyabhashkar.com.in

શાહ,દીપિકા.બી, ( 2005) ***શૈક્ષણિકસંશોધન***, અમદાવાદ:યુનિવર્સિટીગ્રંથનિર્માણબોર્ડ.

જોષી, જયના. (2020) ***રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020***, ગાંધીનગર: ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન.